**મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી**

**ELECTION IMMEDIATE**

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની કચેરી, અરવલ્લી**

જિલ્લા સેવા સદન, શામળાજી રોડ,
મોડાસા, જિ.અરવલ્લી–૩૮૩૩૧૫

ફોન નં. ૦૨૭૭૪–૨૫૦૨૧૯
ફેક્સ નં. ૦૨૭૭૪–૨૫૦૨૦૧
Email:dydeoarv@gmail.com

નં.ઈએલઆર/મતદારયાદી છાપકામ/વર્ક ઓર્ડર/વશી/૧૧/૨૦૨૪ તા. ૧૩/ ૧૧ /૨૦૨૪

**વંચાણે લીધાં:** મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલઆર/૧૪૨૪/૫૦૧(૨)/છ તા.૨૧/૧૦/૨૦૨૪

**હુકમ:**

ઉપરોક્ત વંચાણે લીધેલ પત્રના અનુસંધાને ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૫ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે અનુસાર સંકલિત મુસદ્દા મતદારયાદીની પ્રસિધ્ધિ કરવામાં આવનાર હોઇ મુસદ્દા મતદારયાદી તૈયાર કરી જનરેટ કરવા તથા તેનું છાપકામ કરાવવાનું થાય છે.

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ ના કામે છાપકામ અંગેની કામગીરી માટે GeM Portal મારફતે ટેન્ડર પ્રક્રિયાને અનુસરીને અત્રેની કચેરીના હુકમ નં. ઈએલસી/છાપકામ/હુકમ/વશી/૦૪/લો.સા.ચૂં–૨૦૨૪ તા.૦૩/૦૪/૨૦૨૪ થી "એકતા ઓફસેટ પ્રા.લી. નડીયાદ"ને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે કામગીરી માટે નિયત થયેલ શરતો પૈકી શરત નં.૬.૧ મુજબ "*બીડમાં આપેલ ભાવો બીડ ખોલ્યાની તારીખથી એક વર્ષ સુધી અમલી રહેશે*" એમ નક્કી થયેલ છે.

સબબ, તા. ૦૧/૦૧/૨૦૨૫ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત મુસદ્દા મતદારયાદીની પ્રસિધ્ધિ કરવા માટે મતદારયાદી છાપકામની કામગીરી કરવા "એકતા ઓફસેટ પ્રા.લી. નડીયાદ"ને વર્ક ઓર્ડર આપવા આથી હુકમ કરવામાં આવે છે.

| નં. | એજન્સીનું નામ | કરવાની થતી કામગીરી |
|---|---|---|
| ૧ | એકતા ઓફસેટ પ્રા.લી. નડીયાદ | તા.૦૧/૦૧/૨૦૨૫ ની લાયકાત તારીખના સંદર્ભમાં સંકલિત મુસદ્દા મતદારયાદીનું છાપકામ (૧૦ નકલ) |

ઉપરોક્ત હુકમની તાત્કાલિક અમલવારી કરવાની રહેશે.

સદર છાપકામની કામગીરી દરમિયાન ભારતીય ચૂંટણી પંચ તરફથી મતદરયાદી છાપકામ સંદર્ભે વખતો–વખત આપવામાં આવેલ સુચનાઓ અને જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**માન.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સાહેબની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર**

**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**અરવલ્લી–મોડાસા**

**પ્રતિ,**

પ્રોપરાઇટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લી.
નડીયાદ જિ. ખેડા